સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# બિનસચિવાલયની 17/11/2019ના રોજ લેવાયેલ પરીક્ષામાં કરંટ અફેર્સના બધા જ 17 પ્રશ્નો ICE MAGICમાંથી પૂછાયા...


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[NOV-2019]
[10/11 to 16/11]

# WEEK-46

## CURRENT TOPIC

- ભારત અને પાકિસ્તાન દ્વારા ઐતિહાસિક કરતારપુર કોરિડોરનું ઉદ્ઘાટન
- ગુજરાતના ભાવનગર પોર્ટ ખાતે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ બનશે
- ભારતમાં ચૂંટણી સુધારાઓ માટે પ્રસિદ્ધ પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષનનું નિધન
- મહારાષ્ટ્રમાં ચૂંટણી બાદ નવી સરકારની રચના ન થતાં રાષ્ટ્રપતિ શાસન લદાયું
- કમોસમી વરસાદથી નુકસાની સામે ગુજરાત સરકારની ખેડૂતોને રૂ. 700 કરોડની સહાય
- બ્રાઝિલિયામાં યોજાઈ 11મી BRICS Summit 2019


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

**10 NOVEMBER, 2019 SUNDAY**

## ➤ ભારત અને પાકિસ્તાન દ્વારા ઐતિહાસિક કરતારપુર કોરિડોરનું ઉદ્‌ઘાટન



9 નવેમ્બર, 2019ના રોજ ભારત અને પાકિસ્તાન દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચેની પંજાબ સરહદે ઐતિહાસિક કરતારપુર કોરિડોરનો શુભારંભ કરવામાં આવ્યો છે.


- આ અંતર્ગત 9 નવેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં પંજાબના ગુરદાસપુર જિલ્લામાં આવેલા કરતારપુર કોરિડોર (અથવા તો કરતારપુર સાહેબ કોરિડોર) ખાતે એક એકીકૃત ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને તીર્થયાત્રીઓના પહેલા જથ્થાનો લીલી ઝંડી બતાવીને પ્રારંભ કરાવ્યો હતો.
- કરતારપુર જવા માટે અકાલ તખ્તના શ્રી ગ્યાની હરપ્રિત સિંહના નેતૃત્વમાં રવાના થયેલા તીર્થયાત્રીઓના આ પહેલા જથ્થામાં આશરે 550થી વધુ વ્યક્તિઓનો સમાવેશ થયો હતો.
- આ પ્રસંગે શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'કોમી સેવા પુરસ્કાર'થી સન્માન કરવામાં આવ્યું હતું.
- જ્યારે પાકિસ્તાન તરફના આ કોરિડોરનું ઉદ્‌ઘાટન પાકિસ્તાનના પંજાબ પ્રાંતના નારોવલ જિલ્લાના કરતારપુર ખાતેથી પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી ઈમરાન ખાને કર્યું હતું.
- કરતારપુર કોરિડોરના ઉદ્‌ઘાટનના આ ઐતિહાસિક પ્રસંગને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બર્લિનની દિવાલ' તૂટવાની ઐતિહાસિક ઘટના સાથે સરખાવ્યો હતો.

**નોંધ :** (1) 13 ઓગસ્ટ 1961ના રોજ જર્મનીના બર્લિન ખાતે આ દિવાલના નિર્માણનો પ્રારંભ થયો હતો.

(2) બીજા વિશ્વ યુદ્ધ બાદ જ્યારે જર્મનીનું વિભાજન થયું ત્યારે પૂર્વ બર્લિનમાંથી પશ્ચિમ બર્લિનમાં થતા કારીગરોના સ્થળાંતરને રોકવા માટે પૂર્વ બર્લિન અને પશ્ચિમ બર્લિન વચ્ચે આ દિવાલનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

(3) ત્યારબાદ 1989માં આ દિવાલ તોડી પાડવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## કરતારપુર કોરિડોર શું છે ?

કરતારપુર કોરિડોર એ ભારત અને પાકિસ્તાન વચ્ચેની <u>પંજાબ સરહદે</u> બનાવવામાં આવેલો <u>**Visa-free Border Crosing Secure Corridor**</u> છે.

- ભારતના <u>પંજાબ</u> રાજ્યના <u>ગુરદાસપુર</u> અને પાકિસ્તાનના <u>પંજાબ</u> પ્રાંતના <u>નારોવલ</u> જિલ્લાને આ કોરિડોર જોડે છે.
- ભારતના <u>પંજાબ</u>ના <u>ગુરદાસપુર</u> જિલ્લાના <u>ડેરા બાબા નાનક (અથવા તો ડેરા બાબા નાનક સાહેબ)</u>થી <u>પાકિસ્તાન</u>ના <u>પંજાબ</u>ના <u>નારોવલ</u> જિલ્લાના <u>કરતારપુર</u> ખાતે આવેલા <u>'ગુરુદ્વારા દરબાર સાહેબ'</u> વચ્ચે આશરે <u>**4.7 કિમી**</u> લાંબો આ કોરિડોર બનાવવામાં આવ્યો છે.

## કરતારપુર કોરિડોરનો ઉદ્દેશ

ભારતના શીખ શ્રદ્ધાળુઓ પાકિસ્તાનના <u>કરતારપુર</u> ખાતે આવેલા <u>'ગુરુદ્વારા દરબાર સાહેબ'</u>ની યાત્રાએ સરળતાથી જઈ શકે તે માટે આ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## કરતારપુરનું મહત્ત્વ

<u>કરતારપુર</u> એ <u>પાકિસ્તાન</u>ના <u>પંજાબ</u>ના <u>નારોવલ</u> જિલ્લાના <u>શકરગઢ</u> તાલુકામાં <u>રાવી નદી</u>ના કિનારે આવેલું એક નગર છે.

- શીખ ધર્મના પ્રથમ ગુરૂ <u>શ્રી ગુરૂ નાનકે</u> <u>16મી સદી</u>માં આ નગરની સ્થાપના કરી હતી. અને ત્યાં <u>પ્રથમ શીખ સમુદાય</u> સ્થાપ્યો હતો.
- શ્રી ગુરૂ નાનક દેવજીએ તેમના જીવનના <u>અંતિમ વર્ષો કરતારપુર</u>માં જ વીતાવ્યા હતા.
- અને <u>22 સપ્ટેમ્બર, 1539</u>ના રોજ <u>કરતારપુર</u>માં જ તેમનું નિધન થયું હતું.
- આથી, કરતારપુરમાં આવેલા <u>'ગુરુદ્વારા દરબાર સાહેબ'</u> તરીકે ઓળખાતા <u>ગુરુદ્વારા</u>માં દર્શનાર્થે જવાનું શીખોમાં વિશેષ મહત્ત્વ છે.
- જોકે, આ સ્થળ પાકિસ્તાનમાં આવેલું હોવાથી શીખ શ્રદ્ધાળુઓ ત્યાં સરળતાથી દર્શનાર્થે જઈ શકતા ન હતા.
- આથી, <u>ભારત</u>ના <u>ડેરા બાબા નાનક સાહેબ</u>થી <u>પાકિસ્તાન</u>ના <u>કરતારપુર</u> વચ્ચે આ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- <u>ડેરા બાબા નાનક સાહેબ</u> એ ભારતમાં <u>પંજાબ</u>ના <u>ગુરદાસપુર</u> જિલ્લામાં આવેલું શીખ ધર્મનું પ્રસિદ્ધ તીર્થસ્થળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કરતારપુર કોરિડોરનું નિર્માણ

કરતારપુર કોરિડોરની રચનાનો સૌપ્રથમ પ્રસ્તાવ ભારતના પૂર્વ વડાપ્રધાન <u>શ્રી અટલ બિહારી વાજપેઈ</u> અને પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન <u>શ્રી નવાઝ શરીફ</u> દ્વારા <u>દિલ્હી-લાહોર બસ ડિપ્લોમસી</u> અંતર્ગત <u>1999</u>માં રજૂ કરવામાં આવ્યો હતો.

- હાલમાં નવેમ્બર 2019 દરમિયાન આ કોરિડોરના પ્રથમ ફેઈઝનું (પ્રથમ તબક્કાનું) કાર્ય પૂર્ણ થયું છે.
- આ કોરિડોર અંતર્ગત <u>ભારત-પાકિસ્તાન</u> વચ્ચે <u>રાવી નદી</u> પર <u>800 મીટર લાંબા પુલ</u>નું નિર્માણ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
- ભારત સાઈડના આ કોરિડોરનું નિર્માણ <u>**Land Ports Authority of India, National Highways Authority of India અને Ceigall India Ltd**</u> દ્વારા કરવામાં આવ્યું છે.

## કરતારપુર કોરિડોરના સંચાલન માટે કરાર

ભારત અને પાકિસ્તાન વચ્ચેની પંજાબ સરહદે આવેલા ઝીરો પોઈન્ટ, આંતરરાષ્ટ્રીય સરહદ અને કરતારપુર સાહેબ કોરિડોરના સંચાલન માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે 24 ઓક્ટોબર, 2019ના રોજ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- આ અંતર્ગત કરતારપુરની મુલાકાત માટે એક દિવસમાં આશરે 5000 શ્રદ્ધાળુઓને પ્રવેશ આપવામાં આવશે.
- આ માટે પાકિસ્તાન તીર્થયાત્રી દીઠ 20 ડોલરની ફી વસૂલશે.
- આ કરતારપુર કોરિડોરનો ઉપયોગ ભારતીય નાગરિકો તથા ભારતીય મૂળના OCI કાર્ડ ધારકો કરી શકશે.
- કરતારપુરની મુલાકાત માટે રજીસ્ટ્રેશન જરૂરી છે. અને રજીસ્ટ્રેશન કરાવેલ તીર્થયાત્રી પાકિસ્તાનમાં ફક્ત કરતારપુરની જ મુલાકાત લઈ શકશે. અને આ માટે તેમને જે તે દિવસે સવારથી સાંજ સુધીનો જ સમય મળશે.

**નોંધ :** OCI કાર્ડનું પૂરું નામ Overseas Citizenship of India CARD (પ્રવાસી ભારતીય નાગરિક કાર્ડ) છે.

## કરતારપુર કોરિડોરનો શિલાન્યાસ

26 નવેમ્બર, 2018ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ ભારતમાં પંજાબના ગુરદાસપુર જિલ્લાના માન ગામમાં આ કોરિડોરનો શિલાન્યાસ કર્યો હતો.

- જ્યારે 28 નવેમ્બર, 2018ના રોજ પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી ઈમરાન ખાને પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લામાં આ કોરિડોરનો શિલાન્યાસ કર્યો હતો.

## શ્રી ગુરૂ નાનક દેવ



શ્રી ગુરૂ નાનક દેવજીનો જન્મ 29 નવેમ્બર, 1469ના રોજ તલવંડી અથવા તો રાય ભોઈની તલવંડી નામના ગામમાં થયો હતો.

- આ સ્થળ હાલ પાકિસ્તાનના પંજાબના નાનકાના સાહિબમાં આવેલું છે.
- કેટલાક વિદ્વાનોને મતે શ્રી ગુરૂ નાનક દેવજીનો જન્મ વૈશાખ મહિનામાં 15 એપ્રિલ 1469ના રોજ થયો હતો.
- જોકે, પ્રચલિત માન્યતા અનુસાર શ્રી ગુરૂ નાનક દેવજીનો જન્મ 29 નવેમ્બર, 1469ને કાર્તિકી પૂર્ણિમાના રોજ થયો હોવાનું માનવામાં આવે છે.
- આ અંતર્ગત, 12 નવેમ્બર, 2019ને કાર્તિકી પૂર્ણિમાના રોજ શ્રી ગુરૂ નાનક દેવની 550મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે.
- ગુરૂ નાનક દેવજીની 550મી જન્મ જયંતીને 'ગુરૂ નાનક પ્રકાશ પર્વ' તથા 'પ્રકાશ ગુરૂ નાનક દેવજી' જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે.

**નોંધ :** (1) શ્રી ગુરૂ નાનક દેવજીની 550મી જન્મજયંતી નિમિત્તે શ્રી ગુરૂ નાનકની ગુરૂ વાણીનો વિશ્વની વિવિધ ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય યુનેસ્કો (UNESCO) દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

(2) ભારતમાં પંજાબના કપુર્થલા જિલ્લાના સુલ્તાનપુર લોધી ખાતે શ્રી ગુરૂ નાનક દેવજીને જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

(3) આથી, પંજાબ સરકાર દ્વારા 12 નવેમ્બર 2019ના રોજ શ્રી ગુરૂ નાનક દેવજીની 550મી જન્મજયંતી નિમિત્તે સુલ્તાનપુર લોધી ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ઉપસ્થિત રહ્યા હતા.

## ICE ? Questions

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંજાબના કયા જિલ્લામાંથી કરતારપુર કોરિડોરનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) અમૃતસર (B) ગુરદાસપુર (C) ફિરોઝપુર (D) કરતારપુર — (B)

2. કરતારપુર કોરિડોર ભારત અને પાકિસ્તાનના કયા બે જિલ્લાઓને જોડે છે ?
(A) ગુરદાસપુર અને કરતારપુર (B) ગુરદાસપુર અને શેખપુર
(C) ગુરદાસપુર અને સિયાલકોટ (D) ગુરદાસપુર અને નારોવલ — (D)

3. કરતારપુર કોરિડોર કયા બે તીર્થસ્થળોને જોડે છે ?
(A) ડેરા બાબા નાનક સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ
(B) શ્રી હરમંદિર સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ
(C) શ્રી હેમકુંડ સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ
(D) શ્રી તરન તારન સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ — (A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ ગુરુદ્વારા દરબાર સાહેબ કયાં આવેલું છે ?
(A) અમૃતસર (B) ગુરદાસપુર (C) જાલંધર (D) કરતારપુર — (D)

5. કરતારપુર કઈ નદીના કિનારે આવેલું છે ?
(A) સતલજ (B) સિંધુ (C) રાવી (D) બિયાસ — (C)

6. 26 નવેમ્બર, 2018ના રોજ ભારતમાં કરતારપુર કોરિડોરનો શિલાન્યાસ કોના દ્વારા થયો હતો ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) કેપ્ટન અમરિંદર સિંહ (D) શ્રી એમ. વેંકૈયા નાયડુ — (D)

7. શ્રી ગુરૂ નાનક દેવજીની 550મી જન્મજયંતી નિમિત્તે તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા શ્રી ગુરૂ નાનક દેવજીની 'ગુરૂ વાણી'નો વિશ્વની વિવિધ ભાષાઓમાં અનુવાદ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે ?
(A) યુનાઈટેડ નેશન્સ (B) યુનિસેફ (C) યુનેસ્કો (D) વર્લ્ડ બેન્ક — (C)

8. તાજેતરમાં કયા દિવસે શ્રી ગુરૂ નાનક દેવજીની 550મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 9 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 20 નવેમ્બર — (B)

9. શ્રી ગુરૂ નાનક દેવજીની 550મી જન્મજયંતી નિમિત્તે 12 નવેમ્બર 2019ના રોજ કઈ જગ્યાએ યોજાયેલા કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ઉપસ્થિત રહ્યા હતા ?
(A) કરતારપુર (B) અમૃતસર (C) ગુરદાસપુર (D) કરતારપુર લોધી — (D)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 11 NOVEMBER, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 11 નવેમ્બર, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ (National Education Day)

ભારતમાં દર વર્ષે 11 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારત સરકારના પ્રથમ શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદની યાદમાં તેમનો જન્મદિન 11 નવેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં વિધિવત્ રીતે આ દિવસની ઉજવણીનો પ્રારંભ 11 નવેમ્બર, 2008થી થયો હતો.




દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય

ગાંધીનગરમાં ICEની નવી બ્રાંચનો શુભારંભ

તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...

SPECIAL BATCH
ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવારે 8 થી 11

નવા શુભારંભ સાથે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ

પ્રથમ 121 વિદ્યાર્થી માટે

5000/-નું SPECIAL DISCOUNT

આવનારી વર્ગ-3ની તમામ ભરતીઓ માટે ખાસ બેચ

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

રજિસ્ટ્રેશન ફરજિયાત
81406-01110 / 81407-01110
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ

ઘ-2, સેક્ટર-6, બીજો માળ, ઈસ્કોન ગાંઠિયા પાસે, ગાંધીનગર

## ➤ ગુજરાતના ભાવનગર પોર્ટ ખાતે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ બનશે




ગુજરાતમાં ભાવનગર બંદરે રૂ. 1900 કરોડના ખર્ચે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ બનશે.

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં 'ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ' (GIDB)ના અધ્યક્ષ તરીકે આ માટે મંજૂરી આપી છે.
- ગુજરાતમાં ભાવનગર બંદર પર સ્થપાનાર આ CNG ટર્મિનલથી ગુજરાત તથા ભારતની CNGની જરૂરિયાતોને પૂર્ણ કરી શકાશે.
- આ ઉપરાંત આ ટર્મિનલના નિર્માણથી સ્થાનિક સ્તરે મોટા પાયે રોજગારીનું સર્જન થશે.
- આ ટર્મિનલની ક્ષમતા વાર્ષિક 1.5 મિલિયન મેટ્રિક ટનની હશે.
- આ ટર્મિનલ ભારતમાં બંદરીય કાર્ગો પરિવહન માટેનું એક નવું સીમાચિહ્ન બની રહેશે.

### કોના દ્વારા આ ટર્મિનલનું નિર્માણ થશે ?


યુ.કે. અથવા તો બ્રિટન સ્થિત ફોરસાઈટ જૂથ અને મુંબઈ સ્થિત પદ્મનાભ મફતલાલ ગ્રુપના સહયોગથી કુલ રૂ. 1900 કરોડના રોકાણથી આ ટર્મિનલનું નિર્માણ થશે.

- આ માટે ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડ તથા પદ્મનાભ મફતલાલ ગ્રુપના બનેલા કોન્સોર્ટિયમ દ્વારા પ્રથમ તબક્કામાં રૂ. 1300 કરોડ અને બીજા તબક્કામાં રૂ. 600 કરોડ મળી સ્વીસ ચેલેન્જ રૂટ મારફત કુલ રૂ. 1900 કરોડનું મૂડીરોકાણ કરવામાં આવશે.
- ગુજરાતના ભાવનગર બંદરનું સંચાલન હાલ 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ' દ્વારા કરવામાં આવે છે.
- આથી, ભાવનગર બંદર ખાતે આ વિશ્વના સૌપ્રથમ CNG ટર્મિનલની સ્થાપના માટે ગુજરાત વાઈબ્રન્ટ સમિટ 2019 દરમિયાન ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને બ્રિટનના લંડન સ્થિત ફોરસાઈટ ગ્રુપ વચ્ચે MOU થયા હતા.

**નોંધ :** (1) CNGનું પૂરું નામ Compressed Natural Gas છે.
(2) MOUનું પૂરું નામ Memorandum of Understanding છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં ચૂંટણી સુધારાઓ માટે પ્રસિદ્ધ પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષનનું નિધન



ભારતમાં ચૂંટણી સુધારાઓ માટે પ્રસિદ્ધ ભારતના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષનનું 10 નવેમ્બર 2019ના રોજ તમિલનાડુના ચેન્નાઈ ખાતે 86 વર્ષની વયે નિધન થયું છે.

- 15 ડિસેમ્બર, 1932ના રોજ કેરળના પલક્કડ જિલ્લાના થિરુનેલ્લઈ ખાતે શ્રી ટી. એન. શેષનનો જન્મ થયો હતો.
- શ્રી ટી. એન. શેષનનું પૂરું નામ શ્રી તિરુનેલ્લઈ નારાયણ ઐયર શેષન હતું.
- શ્રી ટી. એન. શેષન 1955ની બેચના તમિલનાડુ કેડરના IAS ઓફિસર હતા.

- 27 માર્ચ 1989થી 23 ડિસેમ્બર 1989 દરમિયાન તેમણે ભારતના કેબિનેટ સચિવ તરીકે સેવા આપી હતી.
- 12 ડિસેમ્બર 1990થી 11 ડિસેમ્બર 1996 દરમિયાન તેમણે ભારતના 10મા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પદભાર સંભાળ્યો હતો.
- આ સમય દરમિયાન તેમણે કરેલા ઉમેદવારોના ખર્ચ પર લગામ, સરકારી હેલિકોપ્ટરથી ચૂંટણીપ્રચાર પર રોક વગેરે જેવા અનેક ચૂંટણી સુધારાઓથી તેમણે ભારતમાં મુખ્ય ચૂંટણી કમિશનરના પદને નવી ઓળખ આપી હતી.
- ભારતમાં સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણીના આયોજન માટે તેમણે કરેલા પ્રયાસોથી તત્કાલીન કેન્દ્ર સરકાર તથા અનેક પીઢ નેતાઓ સાથે અનેક વિવાદ પણ થયા હતા.
- 1997માં તેમણે ભારતમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ શ્રી કે. આર. નારાયણન સામે તેમનો પરાજય થયો હતો.
- ત્યારબાદ કોંગ્રેસની ટિકિટ પર શ્રી લાલ કૃષ્ણ અડવાણી સામે તેમણે ચૂંટણી લડી હતી. એમાં પણ તેમનો પરાજય થયો હતો.

**નોંધ :** (1) શ્રી ટી. એન. શેષનને ગવર્નમેન્ટ સર્વિસ માટે 1996માં રેમન મેગ્નેસે એવોર્ડ એનાયત થયો હતો.
(2) શ્રી ટી. એન. શેષનને એક પણ પદ્મ પુરસ્કાર એનાયત થયો નથી.


અમને વિશ્વાસ છે, આપ પણ અધિકારી બની શકો છો

તલાટી / જુનિયર કલાર્ક
સિનિયર કલાર્ક /
મદદનીશ આદિજાતિ
વિકાસ અધિકારી વગેરે...

SPECIAL BATCH
SPECIAL DISCOUNT

ફ્રી ટ્રાયલ લેકચર
21/11/19
સવાર/બપોર/સાંજ
રાજકોટ

20% Discount 70% થી વધુને
15% Discount 40% થી વધુને
50% Discount 85% થી વધુને

તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount

2012 - 18
1237+ સફળ ઉમેદવાર

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

93757-01110
93280-01110

સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?
(A) 8 નવેમ્બર (B) 9 નવેમ્બર (C) 10 નવેમ્બર (D) 11 નવેમ્બર **(D)**

2. ભારતમાં કોનો જન્મદિન 11 નવેમ્બર 'રાષ્ટ્રીય શિક્ષણ દિન' તરીકે ઉજવાય છે ?
(A) ડો. રાજેન્દ્ર પ્રસાદ (B) ડો. ઝાકિર હુસૈન
(C) શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ (D) શ્રી ચૌધરી ચરણ સિંહ **(C)**

3. ભારતના ગુજરાતમાં નીચેનામાંથી વિશ્વનું કયું પ્રથમ ટર્મિનલ સ્થપાશે ?
(A) PNG (B) LNG (C) LPG (D) CNG **(D)**

4. ભારતના કયા બંદર પર વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ સ્થપાશે ?
(A) કંડલા (B) અલંગ (C) ધોલેરા (D) ભાવનગર **(D)**

5. ગુજરાતના ભાવનગર બંદર પર કુલ કેટલા રૂપિયાના મૂડી રોકાણ સાથે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ સ્થપાશે ?
(A) રૂ. 1300 કરોડ (B) રૂ. 1500 કરોડ (C) રૂ. 1900 કરોડ (D) રૂ. 2200 કરોડ **(C)**

6. કઈ બે કંપનીઓના બનેલા કોન્સોર્ટિયમ દ્વારા ગુજરાતના ભાવનગર બંદરે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ સ્થપાશે ?
(A) ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડ અને પદ્મનાભ છગનલાલ ગ્રુપ
(B) ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડ અને મગનલાલ ગ્રુપ
(C) ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડ અને પદ્મનાભ મગનલાલ ગ્રુપ
(D) ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડ અને પદ્મનાભ મફતલાલ ગ્રુપ **(D)**

7. ગુજરાતના ભાવનગર બંદરે વિશ્વના સૌપ્રથમ CNG ટર્મિનલની સ્થાપના માટે ગુજરાત વાઈબ્રન્ટ સમિટ 2019 દરમિયાન બ્રિટન સ્થિત ફોરસાઈટ ગ્રુપ સર્વિસિઝ લિમિટેડે કોની સાથે MOU કર્યા હતા ?
(A) ગુજરાત સરકાર (B) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નિગમ
(C) ગુજરાત બંદર મંત્રાલય (D) ગુજરાત મેરીટાઈમ બોર્ડ **(D)**

8. શ્રી ટી. એન. શેષનનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ ભારતના કેટલામા મુખ્ય ચૂંટણી કમિશનર હતા ?
(A) ત્રીજા (B) પાંચમા (C) દસમા (D) બારમા **(C)**

9. શ્રી ટી. એન. શેષનનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કેરળ (D) કર્ણાટક **(C)**

10. શ્રી ટી. એન. શેષન કઈ કેડરના IAS ઓફિસર હતા ?
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કેરળ (D) કર્ણાટક **(A)**

11. શ્રી ટી. એન. શેષનને નીચેનામાંથી કયો/કયા એવોર્ડ એનાયત થયા હતા ?
1. પદ્મ શ્રી 2. પદ્મ ભૂષણ
3. પદ્મ વિભૂષણ 4. રેમન મેગ્સેસે
(A) 1 અને 4 (B) 1, 2 અને 4 (C) ફક્ત 4 (D) 3 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 12 NOVEMBER, 2019 TUESDAY

### ➢ દિવસ મહિમા : 12 નવેમ્બર, વિશ્વ ન્યુમોનિયા દિવસ

### ➢ ભાવનગરથી ગુજરાતમાં સૌપ્રથમ વખત 'ગામની દીકરી' યોજનાનો પ્રારંભ

તાજેતરમાં ગુજરાતમાં ભાવનગર જિલ્લાથી ગુજરાતમાં સૌપ્રથમ વખત 'ગામની દીકરી' યોજનાનો પ્રારંભ થયો છે.

- આ અંતર્ગત ભાવનગર જિલ્લાના માલણકા ગામેથી ગુજરાતમાં સૌપ્રથમ વખત આ યોજનાનો પ્રારંભ થયો છે.
- ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબેન દવેએ આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.
- તેમણે ભાવનગર જિલ્લાના માલણકા ગામે દીકરીની માતાઓને રૂ. 1 હજારનો ચેક અર્પણ કર્યો હતો.
- આ સાથે જ સમગ્ર ભાવનગર જિલ્લામાં આ યોજનાનો પ્રારંભ થયો છે.
- આ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં છેલ્લા 3 મહિનામાં જન્મેલી આશરે 3,940 જેટલી દીકરીઓની માતાને રૂ. 1 હજારનો ચેક આપવામાં આવશે.
- ગુજરાતમાં દિકરા અને દીકરી વચ્ચેની અસમાનતા દૂર કરવા માટે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નોંધ : માલણકા ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આત્મગૌરવ, સમાજસેવા અને પ્રતિષ્ઠાની સંયુકત
કારકિર્દી એટલે ગુજરાત સરકાર

SPECIAL
10%
DISCOUNT

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

તલાટી / જુનિયર કલાર્ક /
સિનિયર કલાર્ક /
મદદનીશ આદિજાતિ
વિકાસ અધિકારી વગેરે...

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવારે 8 થી 10

અમદાવાદ
84695-01110 / 84696-01110

## ➤ સોમનાથનો કાર્તિકી પૂર્ણિમાનો મેળો



તાજેતરમાં નવેમ્બર 2019 દરમિયાન ગુજરાતના પ્રસિદ્ધ **સોમનાથ મંદિર** ખાતે **કાર્તિકી પૂર્ણિમા**ના મેળાનું આયોજન થયું હતું.

- ગુજરાતમાં સૌરાષ્ટ્રના **સોમનાથ મંદિરે** દર વર્ષે **કારતક મહિનાની પૂનમે પાંચ દિવસીય** મેળાનું આયોજન થાય છે.
- એવી માન્યતા છે કે કાર્તિકી પૂર્ણિમાની રાત્રીના 12 વાગ્યે ભગવાન શિવની મહાપૂજા થાય ત્યારે ચંદ્ર મંદિરના શિખર ઉપર એવી રીતે ગોઠવાય છે કે જાણે ભગવાને ચંદ્રને મસ્તક ઉપર ધારણ કર્યો હોય.

### ICE ? Questions

1. ‘વિશ્વ ન્યુમોનિયા દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર (C) 12 નવેમ્બર (D) 13 નવેમ્બર — **(C)**
2. તાજેતરમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા જિલ્લાથી ‘ગામની દીકરી’ યોજનાનો પ્રારંભ થયો છે ?
   (A) રાજકોટ (B) જામનગર (C) જૂનાગઢ (D) ભાવનગર — **(D)**
3. ભાવનગર જિલ્લાના કયા ગામેથી ગુજરાતમાં સૌપ્રથમ વખત ‘ગામની દીકરી’ યોજનાનો પ્રારંભ થયો છે ?
   (A) મીઠાપુર (B) માલણકા (C) કોટડા (D) દેવળિયા — **(B)**
4. ગુજરાતમાં સૌપ્રથમ વખત ભાવનગર જિલ્લાના માલણકા ગામેથી કોના દ્વારા ‘ગામની દીકરી’ યોજનાનો શુભારંભ કરાવવામાં આવ્યો છે ?
   (A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી નીતિનભાઈ પટેલ
   (C) શ્રી આચાર્ય દેવવ્રત (D) સુશ્રી વિભાવરીબેન દવે — **(D)**
5. ‘ગામની દીકરી’ યોજના અંતર્ગત દીકરીની માતાને કેટલા રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવે છે ?
   (A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 3000 (D) રૂ. 5000 — **(A)**
6. ગુજરાતના પ્રસિદ્ધ સોમનાથ મંદિરે દર વર્ષે ક્યારે મેળો ભરાય છે ?
   (A) ચૈત્રી પૂનમ (B) શિવરાત્રી (C) શ્રાવણી પૂનમ (D) કાર્તિકી પૂર્ણિમા — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 13 NOVEMBER, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 13 નવેમ્બર, World Kindness Day (વિશ્વ દયા અથવા તો દયાળુતા દિવસ)

## ➤ મહારાષ્ટ્રમાં ચૂંટણી બાદ નવી સરકારની રચના ન થતાં રાષ્ટ્રપતિ શાસન લદાયું

24 ઓક્ટોબર 2019ના રોજ **મહારાષ્ટ્ર** વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જેમાં એક પણ પક્ષને પૂર્ણ બહુમતી મળી ન હતી.

## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામ 2019

| ક્રમ | પક્ષ | બેઠક |
|---|---|---|
| 1 | ભારતીય જનતા પાર્ટી (BJP) | 105 |
| 2 | શિવસેના | 56 |
| 3 | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ | 44 |
| 4 | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી | 54 |
| 5 | અન્ય | 29 |
| | કુલ | 288 |




- અને મહારાષ્ટ્રમાં **14મી વિધાનસભા** માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો બાદ 11 નવેમ્બર સુધી કોઈ પક્ષ અથવા તો ગઠબંધન સરકાર રચવા માટે સમર્થ ન હતું.
- આથી, મહારાષ્ટ્રમાં **12 નવેમ્બર, 2019**ના રોજ મહારાષ્ટ્રના રાજ્યપાલ **શ્રી ભગતસિંહ કોશિયારી**ની ભલામણથી ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદ** દ્વારા **રાષ્ટ્રપતિ શાસન** લાદવામાં આવ્યું છે.
- મહારાષ્ટ્રમાં હાલ **6 મહિના** માટે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે.
- જોકે, આ છ મહિનાના સમય દરમિયાન કોઈપણ પક્ષ અન્ય પક્ષ સાથે મળીને નવી સરકારની રચના કરી શકશે.
- **મહારાષ્ટ્ર**માં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હોય એવી આ **ત્રીજી** ઘટના છે.
- મહારાષ્ટ્રમાં આ અગાઉ **1980** અને **2014**માં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.
- જેમાંથી **17 ફેબ્રુઆરી, 1980**ના રોજ **મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વખત** રાષ્ટ્રપતિ શાસન લદાયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન

ભારતમાં સૌપ્રથમ વખત **1951માં પંજાબ**માં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.

- ત્યારબાદ 1951થી અત્યાર સુધીમાં ભારતના વિવિધ રાજ્યોમાં અંદાજે 100થી વધુ વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે.
- જેમાંથી અત્યાર સુધીમાં ભારતમાં **મણિપુર**માં સૌથી વધુ **10 વખત** રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે.
- **મણિપુર** બાદ **બીજા** ક્રમે **ઉત્તરપ્રદેશ**માં **9 વખત** અને ત્યારબાદ **ત્રીજા** ક્રમે **જમ્મુ કાશ્મીર, બિહાર અને પંજાબ**માં **8 - 8 વખત** રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.
- જ્યારે **ગુજરાત**માં અત્યાર સુધીમાં **5 વખત** રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે.

## રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન અંગેની બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 356** અંતર્ગત ભારતના કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે.

## રાષ્ટ્રપતિ શાસન ક્યારે લાગુ પડે છે ?

- બંધારણના **અનુચ્છેદ 355**ની જોગવાઈ મુજબ દરેક રાજ્ય બંધારણીય વ્યવસ્થા અનુસાર વહીવટ કરે તે સુનિશ્ચિત કરવાની ફરજ કેન્દ્ર સરકારની છે. જ્યારે રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ન ચાલતો હોય તેવા સમયે સંબંધિત રાજ્યના રાજ્યપાલની ભલામણના આધારે રાષ્ટ્રપતિ તે રાજ્યમાં **અનુચ્છેદ 356** અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરે છે. રાષ્ટ્રપતિ શાસનને **'બંધારણીય કટોકટી'** પણ કહેવામાં આવે છે.
- અનુચ્છેદ 356 અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા માટે બે આધાર મુખ્ય છે.

(1) જ્યારે કોઈ રાજ્યની રાજ્ય સરકાર બંધારણીય જોગવાઈઓ અનુસાર ચાલે નહિ તેવી સ્થિતિમાં રાજ્યપાલની ભલામણના આધારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની ઘોષણા કરી શકાય છે. રાષ્ટ્રપતિ આવો નિર્ણય જે તે રાજ્યના રાજ્યપાલના અહેવાલને આધારે અથવા અહેવાલ વિના પોતાને યોગ્ય લાગે તેવી રીતે લઈ શકે છે.

(2) રાજ્યોએ કેન્દ્ર સરકારના નિર્દેશોનું પાલન કરવું ફરજિયાત છે. અને બંધારણના **અનુચ્છેદ 365**ની જોગવાઈ અનુસાર જ્યારે કોઈ રાજ્ય કેન્દ્ર દ્વારા સૂચવવામાં આવેલ નિર્દેશોનું પાલન ન કરે અથવા તેનો અમલ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિ પરિસ્થિતિ પર નિયંત્રણ લાવવા અને રાજ્યનો વહીવટ બંધારણીય રીતે કરી શકાય તે માટે રાષ્ટ્રપતિ શાસનની ઘોષણા કરે છે.

## રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનના સંજોગો

- રાજ્યનો વહીવટ બંધારણીય રીતે ચલાવી ન શકવાનો અર્થ નીચે મુજબ થાય છે :

(i) જ્યારે સામાન્ય ચૂંટણી બાદ વિધાનસભામાં કોઈ પક્ષની સ્પષ્ટ બહુમતી ન હોય.

(ii) જ્યારે બહુમતી ધરાવતો પક્ષ સરકાર બનાવવાની ના પાડે અને રાજ્યપાલ સમક્ષ વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ધરાવતું કોઈ ગઠબંધન પણ ન હોય.

(iii) જ્યારે મંત્રી પરિષદ રાજીનામું આપે અને અન્ય કોઈ પક્ષ સરકાર બનાવવા ઈચ્છુક ન હોય અથવા અન્ય પક્ષ પાસે સરકાર બનાવવા યોગ્ય સ્પષ્ટ બહુમતી ન હોય ત્યારે રાજ્ય વિધાનસભાનું વિસર્જન થાય છે અને ફરી નવી ચૂંટણી યોજવામાં આવે છે.

(iv) જો રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર પાસે જેનું સૂચન આપવાની સત્તા હોય તેવી સૂચનાની અવગણના કરે. (અનુચ્છેદ 365)

(v) જો રાજ્ય સરકાર સ્વેચ્છાએ પોતાની બંધારણીય ફરજોનું પાલન ન કરે.

## રાષ્ટ્રપતિ શાસનની મંજૂરી અને સમયમર્યાદા

- રાષ્ટ્રપતિ દ્વારા કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની ઘોષણા થતા જ તે લાગુ પડી જાય છે અને રાષ્ટ્રપતિ શાસનની આ ઘોષણાને **સંસદના બંને ગૃહોમાંથી 2 મહિનામાં** મંજૂરી મળવી જરૂરી છે.
- જો સંસદના બંને ગૃહો દ્વારા રાષ્ટ્રપતિ શાસનની મંજૂરી આપવામાં આવે તો **6 મહિના** માટે તે અમલમાં રહે છે. રાષ્ટ્રપતિ શાસનને **મહત્તમ 3 વર્ષ** માટે કોઈ રાજ્યમાં લાગુ કરી શકાય છે જેના માટે **દર 6 મહિને સંસદની મંજૂરી** લેવી પડે છે. પરંતુ જો આ 6 મહિનામાં રાષ્ટ્રપતિ શાસનને ચાલુ રાખવાની મંજૂરી આપ્યા વિના લોકસભાનું વિઘટન થાય તો નવી લોકસભાની રચનાની પ્રથમ બેઠકથી 30 દિવસમાં રાષ્ટ્રપતિ શાસનને ચાલુ રાખવાના પ્રસ્તાવને મંજૂરી આપવી પડે છે. અન્યથા રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થશે. જોકે રાજ્યસભા કાયમી ગૃહ હોવાથી તેમાં 6 મહિનાના સમયમાં જ રાષ્ટ્રપતિ શાસનને ચાલુ રાખવાના પ્રસ્તાવને મંજૂરી મળવી જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- રાષ્ટ્રપતિ શાસનને લાગુ કરવાનો કે ચાલુ રાખવા અંગેનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાંથી સામાન્ય બહુમતીથી (ગૃહમાં હાજર અને મતદાન કરનારા સભ્યોની 50% થી વધુ બહુમતીથી) પસાર કરવામાં આવે છે.
- **'44મા બંધારણીય સુધારા અધિનિયમ, 1978'** દ્વારા જોગવાઈ કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિ શાસન 1 વર્ષથી વધુ ત્યારે જ લંબાવી શકાય જ્યારે...

(a) સમગ્ર દેશમાં કે દેશના કોઈ રાજ્ય કે રાજ્યના કોઈ ભાગમાં અનુચ્છેદ 352 મુજબની રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા કરવામાં આવી હોય અને તે અમલમાં હોય

અથવા

(b) સંબંધિત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજવી મુશ્કેલ હોય તેવું કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પ્રમાણિત કરવામાં આવે. (અનુચ્છેદ 356(5))

## રાષ્ટ્રપતિ શાસનની સમાપ્તિ

- નીચેના સંજોગોમાં રાજ્યમાં લાગેલા રાષ્ટ્રપતિ શાસનની સમાપ્તિ થાય છે :

(1) રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ શાસનની ઘોષણાને કોઈપણ સમયે અન્ય ઘોષણા દ્વારા પરત લઈ શકાય છે. જે માટે સંસદની મંજૂરીની આવશ્યકતા નથી. (અનુચ્છેદ 356(2))

(2) રાષ્ટ્રપતિ શાસનનો 6 મહિનાનો સમયગાળો પૂરો થાય અને મંજૂરી આપવામાં ન આવે તો પણ તેની સમાપ્તિ થાય છે.

(3) જો રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા કરી સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે તો તે દિવસથી જ રાષ્ટ્રપતિ શાસનની સમાપ્તિ થાય છે.

આત્મગૌરવ, સમાજસેવા અને પ્રતિષ્ઠાની સંયુકત કારકિર્દી એટલે ગુજરાત સરકાર
તલાટી / જુનિયર કલાર્ક / સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...
ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
જૂનાગઢ
10% SPECIAL DISCOUNT
ફ્રી ટ્રાયલ લેક્ચર
21/11/19
સવારે 8 થી 10
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
76985-01110 / 76986-01110

## રાષ્ટ્રપતિ શાસનની અસરો

- કોઈ પણ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થતા જ તેની શાસન વ્યવસ્થા પર કેવી અસર થશે તેની જોગવાઈ ભારતીય બંધારણના **અનુચ્છેદ 356 અને 357** અંતર્ગત કરવામાં આવેલી છે. જે નીચે મુજબ છે :

(1) રાષ્ટ્રપતિ શાસન લાગુ થતાં જ રાજ્ય સરકારના તમામ કાર્યો રાષ્ટ્રપતિ પોતાના હસ્તક લે છે અને રાજ્ય સરકારના કોઈપણ અધિકારીઓને મળતી સત્તા પોતાના હસ્તક લે છે.

(2) અનુચ્છેદ 356 લાગુ થતાં રાષ્ટ્રપતિ રાજ્યની મંત્રી પરિષદને બરતરફ કરી શકે છે અને રાજ્યપાલના માધ્યમથી રાજ્યનું શાસન ચલાવી શકે છે. અને રાજ્યપાલ એ રાજ્ય સચિવ અથવા રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સલાહકારની મદદથી વહીવટ કરી શકે છે.

(3) રાષ્ટ્રપતિ શાસન લાગુ થતાં જ રાષ્ટ્રપતિ રાજ્યની વિધાનસભાનું વિઘટન કરી શકે છે અથવા સ્થગિત કરી શકે છે. આવી સ્થિતિમાં રાજ્ય વિધાનમંડળના બધા જ કાર્યો સંસદને આપવામાં આવે છે. અર્થાત રાજ્ય સંબંધિત કાયદાઓ બનાવવા તથા રાજ્યનું બજેટ પસાર કરવું વગેરે સંસદ દ્વારા જ પસાર કરવામાં આવે છે.

(4) જ્યારે સંસદનું કોઈ સત્ર ચાલુ ન હોય ત્યારે રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યના સંદર્ભે વટહુકમ બહાર પાડી શકે છે.

**નોંધ :** (1) રાષ્ટ્રપતિ શાસન દરમિયાન સંસદ કે રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યના સંદર્ભે બનાવેલ કાયદાઓ રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થયા બાદ પણ અમલમાં રહે છે. પરંતુ રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થયા બાદ રાજ્ય વિધાનમંડળ આવા કાયદાઓને રદ કરી શકે, સુધારો કરી શકે કે ફરીથી કાયદાઓ ઘડી શકે છે.

(2) રાષ્ટ્રપતિ શાસન દરમિયાન સંબંધિત રાજ્યના ઉચ્ચ ન્યાયાલય પર કોઈ પ્રભાવ પડતો નથી, તેના કાર્યો રાષ્ટ્રપતિ પોતાના હાથમાં લઈ શકે નહીં અથવા તો મોકૂફ પણ કરી શકે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા

- **38મા બંધારણીય સુધારા અધિનિયમ, 1975**માં બંધારણમાં જોગવાઈ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા થઈ શકે નહીં. જોકે આ જોગવાઈને **'44મા બંધારણીય સુધારા અધિનિયમ, 1978'**થી રદ કરવામાં આવી છે. તેથી હાલમાં રાષ્ટ્રપતિ શાસનની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.

## ICE ? Questions

1. 'વિશ્વ દયા દિવસ' અથવા તો 'વિશ્વ દયાળુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર **(B)**

2. તાજેતરમાં મહારાષ્ટ્રમાં કેટલામી વિધાનસભા માટે ચૂંટણીનું આયોજન થયું હતું ?
(A) 12મી (B) 13મી (C) 14મી (D) 15મી **(C)**

3. મહારાષ્ટ્રમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો મેળવનાર પ્રથમ ત્રણ પક્ષનો સાચો ક્રમ કયો છે ?
(A) ભાજપ, શિવસેના, કોંગ્રેસ (B) ભાજપ, કોંગ્રેસ, શિવસેના
(C) ભાજપ, NCP, શિવસેના (D) ભાજપ, શિવસેના, NCP **(D)**

4. તાજેતરમાં મહારાષ્ટ્રમાં કેટલા સમય માટે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે ?
(A) 3 મહિના (B) 6 મહિના
(C) 1 વર્ષ (D) નવી સરકારની રચના ન થાય ત્યાં સુધી **(B)**

5. 12 નવેમ્બર 2019ના રોજ મહારાષ્ટ્રમાં કેટલામી વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(C)**

6. મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વખત ક્યારે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું ?
(A) 1969 (B) 1970 (C) 1980 (D) 1990 **(C)**

7. ભારતમાં કયા રાજ્યમાં સૌપ્રથમ વખત 20 જૂન 1951ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું ?
(A) જમ્મુ કાશ્મીર (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) પંજાબ **(D)**

8. 13 નવેમ્બર 2019 સુધીમાં ભારતના તમામ રાજ્યોમાંથી કયા રાજ્યમાં સૌથી વધુ 10 વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે ?
(A) મેઘાલય (B) ત્રિપુરા (C) ઉત્તરપ્રદેશ (D) મણિપુર **(D)**

## 14 NOVEMBER, 2019 THURSDAY

## ➤ દિવસ મહિમા : 14 નવેમ્બર, (1) બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન)
## (2) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)

### વિશ્વ ડાયાબિટીસ દિન

world diabetes day
14 November

સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **14 નવેમ્બર**ના રોજ **‘વિશ્વ ડાયાબિટીસ દિવસ’**ની ઉજવણી કરવામાં આવે છે.

- **ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF)** અને **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)** દ્વારા **1991**થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ડાયાબિટીસની સારવાર માટે ઉપયોગી **ઈન્સ્યુલીન**ની શોધ કરનાર **સર ફ્રેડ્રીક બેન્ટિંગ**નો જન્મદિન **14 નવેમ્બર** ‘વિશ્વ ડાયાબિટીસ દિવસ’ તરીકે ઉજવાય છે.
- **સર ફ્રેડ્રીક બેન્ટિંગે ચાર્લ્સ બેસ્ટ** સાથે મળીને **1922**માં **ઈન્સ્યુલીન**ની શોધ કરી હતી.
- વર્ષ **2018 અને 2019**ના ‘વિશ્વ ડાયાબિટીસ દિવસ’ની થીમ છે : **‘Family and Diabetes - Diabetes Concerns every family’ (પરિવાર અને ડાયાબિટીસ - ડાયાબિટીસની ચિંતા દરેક પરિવારને છે).**

## ➤ કમોસમી વરસાદથી નુકસાની સામે ગુજરાત સરકારની ખેડૂતોને રૂ. 700 કરોડની સહાય

તાજેતરમાં ગુજરાતમાં થયેલા અવારનવાર કમોસમી વરસાદને કારણે ગુજરાતના ખેડૂતોને કૃષિ પાકોમાં બહુ મોટું નુકસાન થયું હતું.

- આથી ખેડૂતોને થયેલા આ નુકસાન સંદર્ભે સહાય આપવા માટે **ગુજરાત સરકારે રૂ. 700 કરોડ**ની સહાયની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત 33 ટકાથી વધુ પાકને નુકસાન થયું હોય તેવા કિસ્સામાં પિયત પાકમાં ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 13,500ની અને બિનપિયત પાકમાં હેક્ટર દીઠ રૂ. 6,800ની સહાય આપવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી કુલ 4 લાખ ખેડૂતોને લાભ થશે.
- સ્ટેટ ડિઝાસ્ટર રીલિફ ફંડ (SDRF)ના નિયમો મુજબ રાજ્ય સરકાર 33 ટકાથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને ઉપરોક્ત સહાય કરશે.
- આ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં 33 ટકાથી ઓછું નુકસાન થયું હોય તેવા ખેડૂતોને પણ સહાય ચૂકવવામાં આવશે.

## ICE Questions

1. ભારતમાં 'બાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર **(D)**

2. ભારતમાં કોનો જન્મદિન 'બાલ દિન' તરીકે ઉજવાય છે ?
   (A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી એ. પી. જે. અબ્દુલ કલામ
   (C) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (D) ડૉ. રાધા કૃષ્ણન **(A)**

3. 'વિશ્વ ડાયાબિટીસ દિન' અથવા તો 'વિશ્વ મધુપ્રમેહ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 નવેમ્બર (B) 12 નવેમ્બર (C) 13 નવેમ્બર (D) 14 નવેમ્બર **(D)**

4. વર્ષ 2019ની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ શું છે ?
   (A) Women and Diabetes - Our right to a healthy future
   (B) Protect our future : Diabetes Education and Prevention
   (C) The Family and Diabetes - Diabetes Concerns every family
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

5. કમોસમી વરસાદથી થયેલા પાકોના નુકસાન સંદર્ભે ગુજરાત સરકારે ખેડૂતો માટે કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી છે ?
   (A) રૂ. 500 કરોડ (B) રૂ. 700 કરોડ (C) રૂ. 900 કરોડ (D) રૂ. 1200 કરોડ **(B)**

6. કમોસમી વરસાદથી 33 ટકાથી વધુ પાકને નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા પિયત પાકોમાં ખેડૂતોને હેક્ટર દીઠ કેટલી સહાય આપવામાં આવશે ?
   (A) રૂ. 6,500 (B) રૂ. 6,800 (C) રૂ. 13,500 (D) રૂ. 13,800 **(C)**

7. કમોસમી વરસાદથી 33 ટકાથી વધુ પાકને નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા બિનપિયત પાકોમાં ખેડૂતોને હેક્ટર દીઠ કેટલી સહાય આપવામાં આવશે ?
   (A) રૂ. 6,500 (B) રૂ. 6,800 (C) રૂ. 13,500 (D) રૂ. 13,800 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15 NOVEMBER, 2019 FRIDAY**

## ➤ બ્રાઝિલિયામાં યોજાઈ 11મી BRICS Summit 2019

13 અને 14 નવેમ્બર 2019ના રોજ બ્રાઝિલની રાજધાની બ્રાઝિલિયામાં 11મી BRICS Summit 2019નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સમિટમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** સહિત BRICS દેશોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.
- આ સમિટની થીમ 'BRICS : Economic Growth for an Innovative Future' હતી.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** BRICS દેશો વચ્ચે **'પારસ્પરિક સામાજિક સુરક્ષા કરાર'** થાય તે માટે ચર્ચા કરવાનું સૂચન કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે ભારતીય નાગરિકોને બ્રાઝિલમાં વિઝા વગર પ્રવેશ આપવાના નિર્ણય બદલ બ્રાઝિલના રાષ્ટ્રપતિ **શ્રી જેર બોલ્સોનારો**નો આભાર પણ માન્યો હતો.
- આ સમિટમાં આર્થિક સંરક્ષણવાદ, આતંકવાદ, BRICS નેટવર્ક, BRICS Institution for Future Network, વૈશ્વિક મંદી વચ્ચે BRICSનો વિકાસ વગેરે જેવા મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી.

**નોંધ :** (1) આ 11મી BRICS સમિટ દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** બ્રાઝિલના રાષ્ટ્રપતિ **શ્રી જેર બોલ્સોનારોને** 26 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના **પ્રજાસત્તાક દિવસના મુખ્ય મહેમાન** તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું.

(2) આ અગાઉ 6 થી 8 નવેમ્બર 2019 દરમિયાન બ્રાઝિલમાં ચોથી 'BRICS - Young Scientist Forum's Conclave' નું આયોજન થયું હતું. જેમાં ભારતના **ડૉ. રવિ પ્રકાશને** **'યંગ ઈનોવેટર પુરસ્કાર'** એનાયત થયો હતો.



## BRICS

**BRICS**એ વિશ્વના **પાંચ** મોટા **વિકાસશીલ દેશો**નો એક સમૂહ છે.

- BRICS દેશોમાં નીચેના દેશોનો સમાવેશ થાય છે :

  **B - Brazil**

  **R - Russia**

  **I - India**

  **C - China**

  **S - South Africa**

- જેમાંથી **ચાર BRIC દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન** દ્વારા વર્ષ **2006**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ **2010**માં **સાઉથ આફ્રિકા** પાછળથી સામેલ થયું હતું. આથી તે હવે **BRICS** તરીકે ઓળખાય છે.
- બ્રિકસ દેશોમાં વિશ્વની આશરે **41 ટકા** વસતીનો સમાવેશ થાય છે.
- અને વિશ્વના કુલ **GDP**માં બ્રિકસ દેશોનો ફાળો આશરે **23.2 ટકા** જેટલો છે.
- બ્રિકસ દેશો દ્વારા **જુલાઈ 2014**માં **NDB** એટલે કે **New Development Bank** નામથી એક બેન્કની રચના કરવામાં આવી હતી.
- આ બેન્કનું વડુંમથક **ચીન**ના **શાંઘાઈ**માં આવેલું છે.

**નોંધ :** જુલાઈ 2020 દરમિયાન **12મી બ્રિકસ સમિટ રશિયાના સેન્ટ પિટર્સબર્ગ** ખાતે યોજાશે.

### ICE Questions

**1.** 13 અને 14 નવેમ્બર 2019ના રોજ કેટલામી બ્રિકસ સમિટનું આયોજન થયું હતું ?
(A) 8મી (B) 10મી (C) 11મી (D) 13મી — **(C)**

**2.** નવેમ્બર 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલી 11મી બ્રિકસ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા ?
(A) શાંઘાઈ (B) બ્રાઝિલિયા (C) શેન્ટ પીટર્સબર્ગ (D) ઉફા — **(B)**

**3.** 11મી બ્રિકસ સમિટ 2019ની થીમ શું હતી ?
(A) BRICS : economic growth for an innovative future
(B) BRICS : social growth for an innovative future
(C) BRICS : human growth for an innovative future
(D) ત્રણમાંથી કોઈ નહિ — **(A)**

**4.** બ્રિકસ દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(A) રશિયા (B) સાઉથ કોરિયા (C) ચીન (D) સાઉથ આફ્રિકા — **(B)**

**5.** બ્રિકસ દેશોમાં 2010માં પાછળથી સામેલ થયેલ દેશ કયો છે ?
(A) બ્રાઝિલ (B) રશિયા (C) સાઉથ આફ્રિકા (D) ચીન — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 16 NOVEMBER, 2019 SATURDAY

➤ **દિવસ મહિમા : 16 નવેમ્બર,** **(1) રાષ્ટ્રીય પ્રેસ (પત્રકારત્વ) દિવસ (National Press Day)**
**(2) International Day For Tolerance**
**(આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ)**

## ➤ સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો 'સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની ઓફિસ પણ હવે RTI એક્ટ અંતર્ગત આવશે

**13 નવેમ્બર 2019**ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા જણાવ્યું છે કે, 'ભારતની **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય** એટલે કે **ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની ઓફિસ** પણ **RTI એક્ટ** અંતર્ગત આવે છે.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો છે ?

સુપ્રીમ કોર્ટના **ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ**ની અધ્યક્ષતાવાળી **પાંચ સભ્યો**ની **બંધારણીય બેન્ચે** આ ચુકાદો આપ્યો હતો.

- આ બેન્ચના પાંચ સભ્યોમાં નીચેના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે :
  - **(1)** ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ (અધ્યક્ષ)
  - **(2)** જસ્ટિસ એન. વી. રમના (અથવા તો રમન્ના)
  - **(3)** જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ
  - **(4)** જસ્ટિસ દીપક ગુપ્તા
  - **(5)** જસ્ટિસ સંજીવ ખન્ના

### સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગેની મહત્ત્વની વિગતો

સુપ્રીમ કોર્ટના આ નિર્ણય અનુસાર 'ભારતના મુખ્ય ન્યાયાધીશ **RTI** હેઠળ આવતી જાહેર સંસ્થા છે.'

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 124** અંતર્ગત સુપ્રીમ કોર્ટે આ નિર્ણય કર્યો છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસમાં **દિલ્હી હાઈકોર્ટે** આપેલા ચુકાદાને માન્ય રાખવામાં આવ્યો છે.
- સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતા જણાવ્યું છે કે 'ચીફ જસ્ટિસની ઓફિસ એ **RTI**ના કાર્યક્ષેત્રમાં આવશે પરંતુ આ દરમિયાન ઓફિસની ગુપ્તતા પણ જળવાઈ રહેવી જોઈએ.'
- જસ્ટિસ સંજીવ ખન્નાએ જણાવ્યું હતું કે, 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' અને 'પારદર્શકતા' એકબીજાની સાથે ચાલવા જોઈએ.

### RTI ACT

RTI એક્ટનું પૂરું નામ **'Right to Information Act'** (માહિતીનો અધિકાર અધિનિયમ) છે.

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **15 જૂન 2005**ના રોજ આ એક્ટ સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો.
- અને તેને કેન્દ્ર સરકાર દ્વારા **12 ઓક્ટોબર 2005**ના રોજ અમલમાં મૂકવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વર્ષ 2023ના મેન્સ હોકી વર્લ્ડ કપના યજમાન તરીકે સતત બીજી વખત ભારતની પસંદગી

વર્ષ 2018માં ભારતમાં ઓડિશાના ભૂવનેશ્વર ખાતે મેન્સ હોકી વર્લ્ડ કપનું આયોજન થયું હતું.

- હવે વર્ષ 2018 બાદ 13થી 29 જાન્યુઆરી 2023 દરમિયાન યોજાનાર મેન્સ હોકી વર્લ્ડ કપના યજમાન તરીકે સતત બીજી વખત ભારતની પસંદગી કરવામાં આવી છે.
- આ સાથે જ ભારત ચાર વખત મેન્સ હોકી વર્લ્ડ કપની યજમાની કરનાર વિશ્વનો સૌપ્રથમ દેશ બનશે.
- આ અગાઉ ભારતમાં 1982માં મુંબઈમાં, 2010માં નવી દિલ્હીમાં અને 2018માં ભૂવનેશ્વરમાં મેન્સ હોકી વર્લ્ડ કપનું આયોજન થયું હતું.
- આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન દ્વારા 1થી 22 જુલાઈ 2022 દરમિયાન યોજાનાર વિમેન્સ હોકી વર્લ્ડ કપના યજમાન તરીકે નેધરલેન્ડ અને સ્પેનની પસંદગી કરવામાં આવી છે.

### ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

3. 13 નવેમ્બર 2019ના રોજ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા અનુસાર હવે કઈ ઓફિસ પણ RTI એક્ટ અંતર્ગત આવી જશે ?
(A) PM ઓફિસ (B) રાષ્ટ્રપતિ ઓફિસ
(C) CM ઓફિસ (D) સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની ઓફિસ **(D)**

4. કોની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે જણાવ્યું છે કે, ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય પણ હવે RTI એક્ટ અંતર્ગત આવી જશે ?
(A) શ્રી એસ. એ. બોબડે (B) શ્રી રંજન ગોગોઈ
(C) શ્રી ડી. વાય. ચંદ્રચૂડ (D) શ્રી સંજીવ ખન્ના **(B)**

5. કેટલા સભ્યોની સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે કે, ભારતના ચીફ જસ્ટિસની ઓફિસ પણ હવે RTI એક્ટ અંતર્ગત આવશે ?
(A) 5 (B) 7 (C) 9 (D) 11 **(A)**

6. ભારતની સુપ્રીમ કોર્ટે કઈ હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખતા 'ભારતના ચીફ જસ્ટિસની ઓફિસ પણ RTI એક્ટ અંતર્ગત આવી જશે'એવો ચુકાદો આપ્યો છે ?
(A) તમિલનાડુ (B) દિલ્હી (C) મુંબઈ (D) કેરળ **(B)**

7. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા RTI એક્ટ કયારથી લાગુ કરવામાં આવ્યો હતો ?
(A) 15 જૂન 2005 (B) 15 જુલાઈ 2005
(C) 12 ઓક્ટોબર 2005 (D) 12 નવેમ્બર 2005 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8. | વર્ષ 2023ના મેન્સ હોકી વર્લ્ડ કપના યજમાન તરીકે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ? | | | | |
| | (A) ભારત | (B) ચીન | (C) ઈંગ્લેન્ડ | (D) ઓસ્ટ્રેલિયા | (A) |
| 9. | વર્ષ 2022નો વિમેન્સ હોકી વર્લ્ડ કપ કયાં યોજાશે ? | | | | |
| | (A) નેધરલેન્ડ અને આયર્લેન્ડ | | (B) આયર્લેન્ડ અને ડેન્માર્ક | | |
| | (C) ડેન્માર્ક અને સ્વિત્ઝર્લેન્ડ | | (D) નેધરલેન્ડ અને સ્પેન | | (D) |
| 10. | મેન્સ હોકી વર્લ્ડ કપની સતત બે વખત યજમાની માટે પસંદગી પામેલ વિશ્વના સૌપ્રથમ દેશનું નામ શું છે ? | | | | |
| | (A) ભારત | (B) ચીન | (C) ઈંગ્લેન્ડ | (D) ઓસ્ટ્રેલિયા | (A) |
| 11. | વર્ષ 2023માં ભારત મેન્સ હોકી વર્લ્ડ કપની સૌથી વધુ કેટલી વખત યજમાની કરનાર દેશ બનશે ? | | | | |
| | (A) ત્રણ | (B) ચાર | (C) પાંચ | (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. કેન્દ્ર સરકારે જાહેર કરેલા નવા નિયમો અનુસાર હવે આધાર કાર્ડમાં સરનામું બદલવા માટે ફક્ત શું રજૂ કરવાનું રહેશે?
   – સોગંદનામું (નવા નિયમ અનુસાર હવે ફક્ત સોગંદનામું રજૂ કરીને આધાર કાર્ડમાં સરનામું બદલી શકાશે)
2. કમોસમી વરસાદથી થયેલા નુકસાન માટે ગુજરાત સરકારે ખેડૂતો માટે 13 નવેમ્બર 2019ના રોજ કેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે ? – રૂ. 700 કરોડ
3. કમોસમી વરસાદથી 33 ટકાથી વધુ નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા પિયત પાકમાં ખેડૂતોને હેક્ટરદીઠ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ? – રૂ. 13,500
4. કમોસમી વરસાદથી 33 ટકાથી વધુ નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા બિનપિયત પાકમાં ખેડૂતોને હેક્ટરદીઠ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ? – રૂ. 6,800
5. 13 નવેમ્બર 2019ના રોજ સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટની કઈ ઓફિસ પણ RTI અથવા તો માહિતીના અધિકારના દાયરામાં આવી જાય છે...એવો ચુકાદો આપ્યો છે ? – ચીફ જસ્ટિસ અથવા તો મુખ્ય ન્યાયાધીશની ઓફિસ
6. સુપ્રીમ કોર્ટના કેટલા જજોની બેન્ચે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની ઓફિસ પણ RTIના દાયરામાં આવી જાય છે એવો ચુકાદો આપ્યો છે ? – પાંચ
7. સુપ્રીમ કોર્ટની કોની અધ્યક્ષતા વાળી પાંચ જજોની બેન્ચે ચીફ જસ્ટિસની ઓફિસ પણ RTIના દાયરામાં આવી જાય છે એવો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે ? – ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બેન્ચે કેટલા મતોથી ચીફ જસ્ટિસની ઓફિસ પણ RTIના દાયરામાં આવી જાય છે એવો ચુકાદો આપ્યો છે ? – 3 વિરુદ્ધ 2
9. સુપ્રીમ કોર્ટે 2010ના કઈ હાઈકોર્ટના ચુકાદાને યથાવત્ રાખતા ચીફ જસ્ટિસની ઓફિસ પણ RTIના દાયરામાં આવી જાય છે એવો ચુકાદો આપ્યો છે ? – દિલ્હી હાઈકોર્ટ
10. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કર્ણાટકના 17 બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કર્ણાટકના કયા પૂર્વ સ્પીકરના નિર્ણયને વાજબી ઠેરવ્યો છે ? – શ્રી કે. આર. રમેશકુમાર
11. ભારતમાં 5 ડિસેમ્બર 2019ના રોજ કયા રાજ્યમાં વિધાનસભાની 15 બેઠકો માટે પેટા ચૂંટણી યોજાશે ? – કર્ણાટક
12. અમેરિકામાં ન્યૂયોર્કના ધ મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટના બોર્ડમાં માનદ ટ્રસ્ટી તરીકે તાજેતરમાં ચૂંટાનાર પ્રથમ ભારતીય વ્યક્તિનું નામ શું છે ? – સુશ્રી નીતા અંબાણી
13. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત કઈ યુનિવર્સિટીમાં CSIF (Central Industrial Security Force)ના જવાનો તહેનાત કરવાની મંજૂરી આપવામાં આવી છે ? – વિશ્વ ભારતી યુનિવર્સિટી (પશ્ચિમ બંગાળ)
14. તાજેતરમાં બોલિવિયાના કયા મહિલા વાઈસ સ્પિકરે પોતાને જ બોલિવિયાના વચગાળાના રાષ્ટ્રપતિ જાહેર કરી દીધા છે ? – સુશ્રી જેનીન અનેઝ
15. તાજેતરમાં મુંબઈથી દીવ વચ્ચેની ક્રૂઝનો કોના દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે ? – શ્રી મનસુખ માંડવિયા
16. 12 નવેમ્બર 2019ના રોજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતના કયા રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદયું છે ? – મહારાષ્ટ્ર
17. 12 નવેમ્બર 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે મહારાષ્ટ્રમાં કેટલા સમય માટે રાષ્ટ્રપતિ શાસન લાદયું છે ? – છ મહિના
18. તાજેતરમાં મહારાષ્ટ્રમાં કેટલામી વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે ? – ત્રીજી વખત (1980, 2014, 2019)
19. મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રપતિ શાસન કયારે લાદવામાં આવ્યું હતું ? – 1980 (17 ફેબ્રુઆરી, 1980)
20. તાજેતરમાં કયા દેશની ઘડિયાળ ઉત્પાદક કંપની પાટેક ફિલિપે તૈયાર કરેલી એક ઘડિયાળ વિશ્વમાં સૌથી મોંઘી કિંમતે એટલે કે આશરે રૂપિયા 223 કરોડમાં વેચાઈ છે ? – સ્વિત્ઝર્લેન્ડ
21. ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા ઝૂમાં હમદ્રયાસ બબુન વાનરનું આગમન થયું છે ? – પ્રદ્યુમન પાર્ક ઝૂ, રાજકોટ
22. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરનાર મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલનું નામ શું છે ? – શ્રી ભગતસિંહ કોશિયારી
23. ક્રિકેટમાં મેચ ફિક્સિંગમાં સંડોવણી બદલ 10 વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરતું બિલ પોતાની સંસદમાં પસાર કરનાર દક્ષિણ એશિયાના પ્રથમ દેશનું નામ શું છે ? – શ્રીલંકા
24. ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાતા સાત દિવસીય કાત્યોકના મેળામાં ઊંટનું વેચાણ થાય છે ? – માતૃ ગયા તિર્થ સિદ્ધપુરમાં સરસ્વતી નદીના તટમાં

INSTITUTE FOR COMPETITIVE EXAMS

25. ગુજરાતમાં ઊંટોના વેચાણ માટે પ્રસિદ્ધ કાત્યોકનો મેળો કયારે યોજાય છે ? – કાર્તિકી પૂર્ણિમા

26. ગુજરાતના કયા જિલ્લામાં કાત્યોકનો મેળો યોજાય છે ? – પાટણ

27. ભારતમાં 'બાળદિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 14 નવેમ્બર

28. ભારતમાં કોનો જન્મદિન 14 નવેમ્બર 'બાળદિવસ' તરીકે ઉજવાય છે ? – શ્રી જવાહરલાલ નહેરુ

29. ભારતમાં હાલ GDPની ગણતરી માટે કયા વર્ષને બેઈઝ યર (પાયાના વર્ષ) તરીકે ગણવામાં આવે છે ? – વર્ષ 2011-12

30. ભારતની કઈ IITના શોધકર્તાઓએ ખુલ્લી જગ્યામાં સુકવેલા કપડામાંથી વીજળી પેદા કરી શકાય છે તેવી શોધ કરી છે ? – IIT ખડગપુર

31. વર્ષ 2019ની ફોર્મ્યુલા-વન વર્લ્ડ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતીને આ ટાઈટલ છઠ્ઠી વખત જીતનાર ફોર્મ્યુલા-વન રેસર કોણ છે ? – શ્રી લેવિસ હેમિલ્ટન

32. તાજેતરમાં ગુજરાતના કયા પંથકમાં બેથી ત્રણ દિવસમાં કોઈ ભેદી રોગચાળાથી આશરે 1000 જેટલા ઘેટાંના મોત થયા હતા ? – તળાજા પંથકમાં

33. 'ગ્રાન્ડપા કિચન' નામે યુ-ટ્યુબ ચેનલ ચલાવતા અને ગરીબ બાળકોને મફતમાં સ્વાદિષ્ટ ભોજન જમાડતા શ્રી નારાયણ રેડ્ડીનું તાજેતરમાં નિધન થયું છે....તેમના રાજ્યનું નામ શું છે ? – તેલંગાણા

34. 20 નવેમ્બર, 2019થી શરૂ થતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ભારતના કયા અભિનેતાને ભારતીય સિનેમામાં તેમના યોગદાન માટે 'સ્પેશિયલ આઈકન ઓફ ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે? – શ્રી રજનીકાંત

35. ભારતના કયા રાજ્યમાં કરવામાં આવેલા નિર્ણય અનુસાર તે રાજ્યમાં બહારથી આવેલા લોકોને 24 કલાકથી વધારે સમય રોકાણ માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી બનશે ? – મેઘાલય

36. વર્ષ 2018નું પત્રકાર ક્ષેત્રનું હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક કોને એનાયત થયું છે ? – શ્રી કૌશિક મહેતા ('ફૂલછાબ'ના તંત્રી)

37. વર્ષ 2018નું સાહિત્ય ક્ષેત્રનું હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક કોને એનાયત થયું છે ? – શ્રી જવાહર બક્ષી

38. વર્ષ 2018નું કલા ક્ષેત્રનું પ્રથમ હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક કોને એનાયત થયું છે ? – સુશ્રી સરિતાબેન જોશી

39. ભારતીય પુરુષ હોકી ટીમે કઈ ટીમને પરાજય આપીને ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કર્યું છે ? – રશિયા

40. તાજેતરમાં ભારતની અવકાશ સંસ્થા ઈસરોના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – 50

41. થાઈલેન્ડમાં બેંગકોકના કયા સ્ટેડિયમમાં 'સ્વાસ્દી મોદી' કાર્યક્રમનું આયોજન થયું હતું ? – નિમિબુત્ર સ્ટેડિયમ

42. તાજેતરમાં ભારતમાં દિલ્હીની કઈ કોર્ટના પરિસરમાં દિલ્હી પોલીસ અને વકીલોની વચ્ચે ઘર્ષણ થયું હતું ? – ત્રીસ હજારી કોર્ટ

43. ગુજરાતના પ્રવાસન મંત્રી શ્રી જવાહર ચાવડાએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતના કયા બીચને રૂ. 200 કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે ?
– દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને (બ્લ્યુ ફલેગ બીચ તરીકે વિકસાવવામાં આવશે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

44. તાજેતરમાં ગુજરાતના પ્રથમ ડર્મીટોલોજીસ્ટ (ચામડીને લગતા રોગોના ડોક્ટર)નું રાજકોટ ખાતે નિધન થયું છે...તેમનું નામ શું છે ? – ડો. ભૂપેન્દ્ર સી. કામદાર

45. ફટાકડાથી પક્ષીઓને ખલેલ ન પડે તે માટે એસ મામપટ્ટી અને કોલુકુડીપટ્ટી ગામના લોકોએ દિવાળીનો તહેવાર ઉજવ્યો ન હતો...આ ગામો કયા રાજ્યના શિવગંગા જિલ્લામાં આવેલા છે ? – તમિલનાડુ

46. ભારતીય સંસદના પુનઃનિર્માણની ડિઝાઈનની અથવા તો આર્કિટેક્ચરલ કન્સલ્ટન્ટ તરીકેની કામગીરી અમદાવાદની કઈ કંપનીને સોંપવામાં આવી છે ? – HCP ડિઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ

47. ભારતીય સંસદના પુનઃનિર્માણની ડિઝાઈનની અથવા તો આર્કિટેક્ચરલ કન્સલ્ટન્ટ તરીકેની કામગીરી કોના વડપણ હેઠળની અમદાવાદ સ્થિત કંપની HCP ડિઝાઈન પ્લાનિંગને સોંપવામાં આવી છે ? – પદ્મ શ્રી બિમલ પટેલ

48. અમેરિકાની સરકારે પેન્ટાગોનના 10 અબજ ડોલરનો ક્લાઉડ કોન્ટ્રાક્ટ કઈ કંપનીને આપ્યો છે ? – માઈક્રોસોફ્ટ

49. કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં હવે દિવ્યાંગો અને કેટલા વર્ષથી વધુ વયના બુઝુર્ગ મતદારો પોસ્ટલ બેલેટથી મત આપી શકશે ? – 80 વર્ષ

50. અમદાવાદ શહેરના સૌથી લાંબા ફોરલેન ઓવર બ્રિજ અંજલી ઓવર બ્રિજનું કોના હસ્તે લોકાર્પણ થયું છે ?
– શ્રી અમિત શાહ

51. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતના અમદાવાદમાં કુલ કેટલા ઓવર બ્રિજ બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ? – 100

52. 5G ઈન્ટરનેટ નેટવર્કની સુવિધા ધરાવતા ચીનના અને વિશ્વના પ્રથમ શહેરનું નામ શું છે ? – વુઝેન

53. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે સરહદ પર કઈ જગ્યાએ સેનાના જવાનો સાથે દિવાળી ઉજવી હતી ? – જમ્મુ કાશ્મીરમાં LOC પાસે આવેલા પૂંચમાં ભિંભર ગલી સેક્ટરમાં

54. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા મીડિયા રિપોર્ટ અનુસાર અમેરિકાની સેનાએ કઈ જગ્યાએ ગુપ્ત ઓપરેશન હાથ ધરીને ISના વડા અબૂ બકર અલ બગદાદી સહીત 10 આતંકીઓનો સફાયો કર્યો હોવાનું કહેવાય છે ?
– ઉત્તરીય સીરિયાના ઈદલિબ ખાતે

55. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે હોટેલ અથવા તો રેસ્ટોરન્ટમાં આહાર લેવા માટે જનારાઓને રસોડાની સ્વચ્છતાની ચકાસણી કરવાનો અધિકાર આપવાનો નિર્ણય કર્યો છે ? – ગુજરાત

56. 13થી 29 જાન્યુઆરી, 2023 દરમિયાન મેન્સ હોકી વર્લ્ડ કપના આયોજન માટે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ? – ભારત

57. સૌથી વધુ ચાર વખત મેન્સ હોકી વર્લ્ડ કપની યજમાની કરનાર કયો દેશ બનશે ? – ભારત

58. વર્ષ 2023 અગાઉ છેલ્લે વર્ષ 2018માં મેન્સ હોકી વર્લ્ડ કપ કયાં યોજાયો હતો ? – ભૂવનેશ્વર, ઓડિશા (ભારત)

59. વર્ષ 2022ના વિમેન્સ હોકી વર્લ્ડ કપની યજમાની માટે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ?
– નેધરલેન્ડ અને સ્પેન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

60. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા મેન્સ ટીમનું નામ શું છે ?
– ઈલેક્ટ્રીક ટેક્નિકલ ફોલ્ટ આવતા ગુજરાત અને મહારાષ્ટ્રની ટીમ સંયુક્ત વિજેતા જાહેર થઈ હતી

61. તાજેતરમાં સુશ્રી ચિંકી યાદવે શુટિંગમાં 25 મીટર પીસ્ટલની ઈવેન્ટમાં ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કર્યું છે...તેમના રાજ્યનું નામ શું છે ?
– મધ્યપ્રદેશ

62. ક્રિકેટના ત્રણેય ફોર્મેટના થઈને કુલ સૌથી વધુ છગ્ગા મારવાનો સતત ત્રીજા કેલેન્ડર વર્ષમાં રેકોર્ડ નોંધાવનાર ક્રિકેટરનું નામ શું છે ?
– શ્રી રોહિત શર્મા

63. શ્રી કૌશિક મહેતા, શ્રી જવાહર બક્ષી અને સુશ્રી સરિતા જોશીને હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કઈ જગ્યાએ આયોજિત સમારોહમાં પૂજ્ય સંત શ્રી મોરારી બાપુના હસ્તે હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક એનાયત થયો છે ?
– મુંબઈ

64. તાજેતરમાં ભારતના કયા શહેરમાં 5મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલનું આયોજન થયું હતું ?
– કોલકાતા

65. તાજેતરમાં ભારતમાં પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાયેલા 5મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
– શ્રી નરેન્દ્રભાઈ મોદી

66. તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે કયા પક્ષને અયોધ્યાની વિવાદિત જમીનના અસલ માલિક તરીકેનો અધિકાર આપ્યો છે ?
– રામલલ્લા વિરાજમાન

67. 'જૂનાગઢ આઝાદી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
– 9 નવેમ્બર

68. તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે અયોધ્યાના શ્રી રામ મંદિર અંગેના કેસમાં ચુકાદો આપીને આ અગાઉ કઈ હાઈકોર્ટે આપેલા ચુકાદાને પલટાવ્યો છે ?
– અલાહાબાદ હાઈકોર્ટ

69. 9 નવેમ્બર 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્યાંથી કરતારપુર કોરિડોર ખુલ્લો મૂક્યો છે ?
– પંજાબના ગુરદાસપુર જિલ્લાના ડેરા બાબા નાનક ખાતેથી

70. 9 નવેમ્બર 2019ના રોજ પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી ઈમરાન ખાને ક્યાંથી કરતારપુર કોરિડોર ખુલ્લો મૂક્યો હતો ?
– પાકિસ્તાનના કરતારપુર ખાતેથી

71. તાજેતરમાં 5થી 13 નવેમ્બર 2019 દરમિયાન 14મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપ 2019નું આયોજન કયાં થયું હતું?
– દોહા, કતાર

72. સુશ્રી તેજસ્વિની સાવંત કઈ રમત સાથે સંકળાયેલા છે ?
– શૂટિંગ (તેઓ 50 મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયા છે.)

73. તાજેતરમાં ભારતના કયા શહેરમાં ચેસની રમતની AICF ઈન્ટરનેશનલ વિમેન્સ ગ્રાન્ડ માસ્ટર્સ ટુર્નામેન્ટ યોજાઈ હતી ?
– અમદાવાદ

74. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા ભારતીય ખેલાડી કોણ છે ?
– સુશ્રી શેફાલી વર્મા (તેમણે શ્રી સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

75. ભારતમાં ચૂંટણી સુધારાના પ્રણેતા અને ભારતના 10મા પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી ટી. એન. શેષાનનું તાજેતરમાં ચેન્નાઈ ખાતે નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ? – વર્તમાન કેરળના પલક્કડમાં

76. નવેમ્બર 2019 દરમિયાન પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં તેમજ બાંગ્લાદેશમાં કયા વાવાઝોડાને કારણે અનેક લોકોના મોત થયા છે ? – બુલબુલ

77. ભારતના કયા શહેરમાં વિશ્વનું સૌપ્રથમ CNG પોર્ટ ટર્મિનલ સ્થપાશે ? – ભાવનગર

78. નાસા દ્વારા તૈયાર કરવામાં આવેલા વિશ્વના સૌપ્રથમ ઈલેક્ટ્રિક પ્લેનને શું નામ આપવામાં આવ્યું છે ? – એક્સ-57 મેક્સવેલ

79. શ્રી ટી. એન. શેષનનું પૂરું નામ શું છે ? – શ્રી તિરુનેલ્લઈ નારાયણ ઐયર શેષન

80. શ્રી ટી. એન. શેષનને કયો પ્રસિદ્ધ એવોર્ડ એનાયત થયો હતો ? – રેમન મેગ્સેસે એવોર્ડ (1996)

81. ગુજરાતના શિક્ષણ રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબેન દવે દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ વખત ક્યાંથી 'ગામની દિકરી' યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે ? – ભાવનગર જિલ્લાના માલણકા ગામેથી
(આ યોજના અંતર્ગત છેલ્લા ત્રણ મહિનામાં જન્મેલી દિકરીની માતાઓને રૂ. 1 હજારનો ચેક આપવામાં આવે છે.)

82. સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકનાર વિશ્વના પ્રથમ દેશનું નામ શું છે ? – બાંગ્લાદેશ (2002)

83. તાજેતરમાં શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને સુશ્રી સ્મૃતિ ઈરાનીના હસ્તે 'કોટન મેન ઓફ ઈન્ડિયા'નો એવોર્ડ કોને એનાયત થયો છે ? – ડો. આર. રામાસામી

84. ગુજરાતમાં હથિયાર ધારા 2019માં કરાયેલા સુધારા અનુસાર એક લાયસન્સમાં હવે કેટલા હથિયારને બદલે ફક્ત એક જ હથિયાર રાખી શકાશે ? – ત્રણ

85. તાજેતરમાં ભારતના કયા સરોવરમાં હજારો વિદેશી પક્ષીઓના મોત થયા છે ? – સાંભર સરોવર, રાજસ્થાન

86. ગુજરાત સરકાર દ્વારા હોટલના રસોડામાં અપેક્ષિત સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ જનારી હોટલના માલિકો માટે કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે ? – રૂ. 1 લાખ સુધીના દંડની

87. Asian Football Confederation (AFC) દ્વારા તાજેતરમાં ભારતની કઈ ફૂટબોલ લીગને ભારતની શીર્ષ ટુર્નામેન્ટ તરીકે માન્યતા આપવામાં આવી છે ? – ઈન્ડિયન સુપર લીગ

88. ઈસ્લામ ધર્મના સ્થાપક શ્રી હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબનો જન્મદિન કયા તહેવાર તરીકે ઉજવાય છે ? – ઈદ-એ-મિલાદ અથવા તો ઈદ-એ-મિલાદ-ઉન-નબી

89. ભારતમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે કઈ જગ્યાએ પેટ્રોલિયમ ઈંધણના રૂપમાં બાયોમાસ ઈથેનોલનો પ્લાન્ટ સ્થાપવા માટે IOC (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન)ને મંજૂરી આપી દીધી છે ? – પાણીપત, હરિયાણા

90. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કયા ટેલિસ્કોપની મદદથી આપણી આકાશગંગા કરતા 100 ગણા વધારે તારાને જન્મ આપતી ગેલેક્સીની શોધ કરી છે ? – ચીલીમાં આવેલા 'અતકામા લાર્જ મિલિમીટર એરી' (અલ્મા) નામના ટેલિસ્કોપની મદદથી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

91. ભારતની 15 વર્ષીય સુશ્રી શેફાલી વર્માએ કઈ ટીમ સાથે 73 રન બનાવીને શ્રી સચિન તેન્ડુલકરનો રેકોર્ડ તોડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં સૌથી નાની વયે અડધી સદી ફટકારનાર ભારતીય ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી છે ?
– વેસ્ટ ઈન્ડિઝ

92. સુશ્રી શેફાલી વર્મા કયા રાજ્યના મહિલા ક્રિકેટર છે ? – હરિયાણા

93. ગુજરાત સરકારે 20 નવેમ્બર 2019થી ગુજરાતની તમામ કેટલી ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે ? – 16

94. તાજેતરમાં કયા ભારતીય ક્રિકેટરે પોતાની પ્રથમ 12 ઈનિંગમાં બે બેવડી સદી ફટકારીને શ્રી ડોન બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો છે ? – શ્રી મયંક અગ્રવાલ

95. જાણીતી રેટિંગ એજન્સી મુડીઝે નવેમ્બર 2019 દરમિયાન પ્રસિદ્ધ કરેલા રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
– 5.6 ટકા (આ અગાઉ આ અંદાજ 5.8 ટકા રજૂ કરવામાં આવ્યો હતો. હવે ઘટાડીને 5.6 ટકા કર્યો છે.)

96. ભારતના કોઈ પણ વિમાનના પ્રોટોટાઈપમાં ઉડાન ભરનારા ભારતના પ્રથમ વાયુસેના પ્રમુખનું નામ શું છે ?
– શ્રી આર. કે. સિંહ ભદોરિયા (તેમણે HTT 40 એડવાન્સ ટ્રેનર એર ક્રાફ્ટ ઉડાવીને આ સિદ્ધિ મેળવી છે.)

97. સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશ અંગેનો મામલો ચીફ જસ્ટિસ શ્રી રંજન ગોગોઈની અધ્યક્ષતા વાળી બેન્ચે કેટલા ન્યાયાધીશોની બેન્ચને સોંપ્યો છે ? – સાત

98. તાજેતરમાં ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા છે...તેમનો જન્મ કયાં થયો હતો?
– પાટણ

99. તાજેતરમાં ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા છે...તેમનું સંસારી નામ શું હતું ?
– શ્રી જવાહર કુમાર

100. ભારતના સ્ટીફન હોકિંગ તરીકે ઓળખાતા મહાન ગણિતજ્ઞ શ્રી વશિષ્ઠ નારાયણ સિંહનું તાજેતરમાં બિહારના પટના ખાતે નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ? – બિહારના ભોજપુર જિલ્લાના બસંતપુર નામના ગામમાં

101. શ્રી વશિષ્ઠ નારાયણ સિંહનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ગણિત

INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.